**વર્ષો જૂના કાર્યકર્તાઓના નામ યાદીમાં ના આવતા સમર્થકોમાં નારાજગી**

## સ્થાનિક સ્વરાજ્યની ચટણીમાં બોડેલી નગરપાલિકાની યાદી જાહેર કરાઈ

**ભાજપ,** કોંગ્રેસ અને આપ પાર્ટીના ઉમેદવારો વચ્ચે સીધો ચૂંટણી જંગ જામશે

(પ્રતિનિધિ) બોડેલી, તા.10

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નવ નિર્મિત નગર પાલિકામાં ભાજપના મેન્ડેટ પર ચૂંટણી લડવા કાર્યકર્તાઓએ ઉમેદવારી નોંધાવવા પડા પડી કરી હતી અને ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો ત્યારે કોગ્રેસનો હાથ છોડી ભાજપનો ખેસ ધારણ કરી ભાજપ માં એન્ટ્રી કરનારા ઉમેદવારોએ પણ સેન્સ પ્રક્રિયા માં ભાગ લીધો હતો અને સેન્સ પ્રક્રિયા ની યાદી પ્રદેશમાંથી યાદી જાહેર કરવામાં આવનાર હોવાથી સેન્સ પ્રક્રિયામાં ભાગ લેનારા ઉમેદવારો ના સમર્થકો આતુર તાથી રાહ જોઈ બેઠા હતા અને આતુરતાનો અંત આવતા રાત્રે બાર વાગ્યે બોડેલી નગર પાલિકાના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવતા વર્ષોથી મૂળ ભાજપના કાર્યકર્તાઓની યાદીમાંથી નામની બાદબાકી કરવામાં આવતા આશા ઉપર પાણી ફરીવડ્યું હતું.ત્યારે નગર પાલિકા માં વર્ષો જૂના કાર્યકર્તાઓના નામ યાદીમાંના આવતા સમર્થકોમાં નારાજગી જોવા મળી હતી બોડેલી ની આસ પાસ આવેલી પાંચ ગ્રામ પંચાયતમાંથી છૂટી પાડીને નવ નિર્મિતિ નગરપાલિકા બનાવવામાં આવેલી નગર પાલિકા માં સત્તા હાસલ કરવા ભાજપા આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામશે અને નગર પાલિકા ની સત્તા હાસલ કરવા દરેક પક્ષ મરણિયો પ્રયાસ કરેશે તેવા દ્રશ્યો સર્જાયા છે.

**બોડેલી નગરપાલિકા વોર્ડ અને ઉમેદવાર**

| | |
|---|---|
| 1 | સરોજબેન સવજીભાઇ રાઠવા |
| 2 | વિક્સીકાબેન ધ્યાલકિશોર ભગત |
| 3 | રાકેશભાઇ અંબાલાલ ચાવડા |
| 4 | વિટુભાઇ બચુભાઇ બારીયા |
| 5 | ગંગાબેન વિઠલભાઇ રાઠવા |
| 6 | પન્નાબેન વિજયભાઇ પટેલ |
| 9 | મગાભાઇ વલુભાઇ ભરવાડ |
| 10 | જીગ્નેશકુમાર પ્રવિણચંદ્ર ચોક્સી |
| 11 | રાજેશ્રીબેન વિરેન્દ્રસિંહ રાજપૂત |
| 12 | જીજ્ઞાશાબેન દીપકકુમાર મેહતા |
| 13 | કમલેશભાઇ રસીકલાલ પંચોલી |
| 14 | પાર્થ રાજેન્દ્રકુમાર સોની |
| 15 | અંજનાબેન રાજેન્દ્રભાઇ બારિયા |
| 16 | ગીતાબેન છત્રસિંહ બારિયા |
| 17 | છાયાબેન વિઠ્ઠલભાઇ બારિયા |
| 18 | યશપાલસિંહ ગોવિંદસિંહ ઠાકોર |
| 19 | મૈત્રીબેન જૈમીનભાઇ શાહ |
| 20 | રાધિકાબેન સંતોષભાઇ મોરે |
| 21 | ઉમેશભાઇ રામદાસભાઇ રાઠવા |
| 22 | કાર્તિકભાઇ દિલીપભાઇ શાહ |
| 23 | શર્મિષ્ઠાબેન વિજયકુમાર બારિયા |
| 24 | જૈનબબેન મહંમદહનીક ખત્રી |
| 25 | મહેશભાઇ શનાભાઇ બારિયા |
| 26 | જીગ્નેશભાઇ મહેશભાઇ અગ્રવાલ |
| 27 | સલમાબેન જીયાઉદ્દીન મસૂરી |
| 28 | સંગીતાબેન વિજયસિંહ રાઠોડ |
| 29 | મુકેશભાઇ ઇશ્વરભાઇ રાઠવા |
| 30 | સતીષભાઇ ભીમસીંગભાઇ રાઠવા.. |

## વાઘોડિયામાં લોકશાહી પર્વની ઉજવણીનો થનગનાટ, કોઈ રાજી કોઈ નારાજ

વાઘોડિયા : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા, તેવામાં પ્રથમ વખત યોજાનાર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ અને અપક્ષ આમ ત્રિપાંખિયો જંગ જામે તેવી શક્યતા વરતાઈ રહી છે.તારીખ 26 એપ્રિલે યોજનારી ચૂંટણીને લઇ રાજકીય માહોલ ગરમાયો છે ભાજપે ગઈકાલે ઉમેદવાર ની યાદી જાહેર કરતા ટિકિટ વાંછુક ઉમેદવારોના પત્તા કપાતા કેટલાક કાર્યકર્તાઓએ સોશિયલ મીડિયામાં ભાજપ તરફી આક્રોશ ઠાલવી રહ્યા છે.નારાજ કાર્યકર્તાઓએ કોંગ્રેસનો પંજો પકડ્યો છે. ચૂંટણી લડવા ઉમેદવાર શોધતી કોંગ્રેસમાં હાલ ઉમેદવારોની ભરતી જોવા મળી રહી છે. જોકે કોંગ્રેસે પોતાના ઉમેદવારનું સસ્પેન્ડ યથાવત રાખ્યું છે. ઉમેદવારી પત્ર ભરવાના આજ થી શરૂ થઈ ગયા છે. જિલ્લા પંચાયતના 35 ફોર્મના ઉપાડ સામે ગુતાલ બેઠક પર બે અપક્ષ ઉમેદવારે ફોર્મ ભર્યું છે.જ્યારે તાલુકા પંચાયતના 134 ફોરમના ઉપાડ સામે ગોરજ, કામરોલ અને કોટંબી મા કોંગેસે ત્રણ જ્યારે સાંગાડોલ, અડિરન અને વ્યારા મળી ત્રણ અપક્ષ ફોર્મ ભર્યું છે .વાઘોડિયા નગરપાલિકાની ચૂંટણી માટે 147 ફોર્મ ના ઉપાડ સામે 14 ફોર્મ આજરોજ ભરાયા છે જેમાં 13 એકલા કોંગ્રેસે ભર્યા છે.આમ છેલ્લા ચાર દિવસમાં 297 ફોર્મનું વિતરણ સામે 22 ફોર્મ ભરાયા છે.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને છોટાઉદેપુર જિલ્લામાં રાજકીય માહોલ ગરમાવો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.9

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને છોટાઉદેપુર જિલ્લામાં રાજકીય માહોલ ગરમાવા લાગ્યો છે. જિલ્લામાં ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા શરૂ થતાં જ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવારો દ્વારા પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે જિલ્લા સેવા સદન ખાતે ઉમેદવારી પત્રો ભરવા પહોંચી ઉમેદવારી પત્ર ભર્યા હતા. આજરોજ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પક્ષના ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવામાં આવતા રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળ્યો છે. કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટીના હોદ્દેદારો - કાર્યકરો અને ઉમેદવારો ઉત્સાહભેર જિલ્લા સેવાસદન ખાતે પહોંચ્યા હતા.

**તંત્ર મૂઢ પ્રેક્ષક બની પોતાની ફરજ અંગે લાપરવાહી દાખવી રહ્યુ છે : ગામલોકો**

## શિનોર પુનિયાદ-આનંદી માર્ગ પરનું નાળું તૂટી પડવાની દહેશત !!



(પ્રતિનિધિ) શિનોર, તા.10

તંત્રની સરેઆમ બેદરકારીના પગલે ખખડધજ બનેલા પુનિયાદ-આનંદી માર્ગ ના કારણે ભારે હાલાકી સહી રહેલા સ્થાનિક રહીશો માર્ગ પર,પુનિયાદ ગામ નજીકના નાળાનું જરૂરી સમારકામ નહિં કરાય તો આગામી ચોમાસાની ઋતુમાં આ રસ્તો બંધ થવાની દહેશત વ્યક્ત કરી છે. જીલ્લા પંચાયત વડોદરાના તાબા હેઠળના માર્ગ મકાન વિભાગ દ્વારા અંદાજે ૨૦૨૦ ના વર્ષ માં શિનોર તાલુકાના પુનિયાદ થી આનંદી ગામ ને જોડતા ૨ કિલોમીટર ના પાકા માર્ગ અંગેનું કામ કરાયું હતું. જોકે શરૂઆતના તબક્કાએ થી જ આ માર્ગ નું કામ હલકી ગુણવત્તા થી કરાયું હોય તેમ એક જ વર્ષમાં માર્ગ પર ઠેરઠેર ખાડાઓ પડી જતાં, તત્કાલીન તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષા પ્રિયલબેન પટેલે તારીખ૨૩/૭/૨૦૨૧ ના રોજ માર્ગ નું સમારકામ કરવા તંત્રને લેખિત રજુઆત કરી હતી.. જે બાદ વર્ષ ૨૦૨૪માં ચોમાસાની ઋતુ દરમિયાન, વળાંક પર માર્ગ પ્રોટેક્શન માટે બનાવવામાં આવેલી સંરક્ષણ દીવાલ પાણીના વહેણમાં ધરાશાયી થતાં,નવી દિવાલ બનાવવા માટે તારીખ ૨ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ મળેલી ગ્રામસભામાં ઠરાવ નંબર ૮ થી ઠરાવ કરી તંત્ર ને લેખિત રજૂઆત કરી હતી.. પરંતુ તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરાઈ નથી. હાલ આ માર્ગ પર ઠેરઠેર ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળતાં સ્થાનિકો હેરાન પરેશાન થઈ ગયા છે જે અંગે તંત્ર ને રજૂઆત કરવા છતાંય તંત્ર દ્વારા ખાડાઓ પણ પૂરાતા નથી. વધુમાં આ માર્ગ પર પુનિયાદ ગામ નજીક ના વળાંક પર આવેલા નાળા ની પાઈપ નીચે પાણીના ધોવાણ થી મોટો ખાડો પડી ગયો છે જે ખાડાનું ચોમાસા ની ઋતુ પહેલાં જરૂરી સમારકામ નહિં કરાય તો નાળું બેસી જઈ તૂટી જવાના કારણે ૨૪ કલાક વાહનોની અવરજવર થી ધમધમતાઆ માર્ગ બંધ થવાની ભીતિ નિશ્ચિત બની છે.

**પક્ષના વર્ષો જુના માણસોમાં નાજરાગી**

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં સાવલી પાલિકામાં નવા ચેહરાઓને ટિકીટ મળી



(પ્રતિનિધિ) સાવલી, તા.10

સાવલી નગર પાલિકા ના મહિલા મોરચાના મહામંત્રી વૈશાલીબેન પુરોહિતને પાલિકાની ટિકિટ ન આપીને અન્યને ફાળવી દેતા ભારે બળાપો વ્યક્ત કરી રડમસ ચહેરે ભાજપ માંથી રાજીનામું ધરી દેતા ભારે ચર્ચા નો વિષય બન્યો છે

ભાજપ મોવડી મંડળ દ્વારા નગરપાલિકા જિલ્લા પંચાયત તાલુકા પંચાયત ના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી જેમાં નગરપાલિકાની યાદી જાહેર થયા બાદ ભડકો થયો હતો અને નારાજગી સામે આવી હતી અને ભાજપમાંથી રાજીનામાં પાડવાની શરૂઆત થઈ છે જ્યારે કેટલાક ભાજપના વર્ષો જૂના કાર્યકરો અને સંગઠનના હોદ્દાદારો માં નારાજગી પ્રસરી છે અને તેઓ આવતીકાલે નવાજૂની કરી અપક્ષમાં ઉમેદવારી કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે જેમાં સાવલી નગર મહિલા મોરચા ના મહામંત્રી વૈશાલી બેન પુરોહિત દ્વારા વોર્ડ નંબર 5 માટે ટિકિટ માંગવામાં આવી હતી અને તેઓની ટિકિટ કપાતા ભારે નારાજગી ને રડમસ ચહેરા અને ફરિયાદ સાથે સાવલી શહેર પ્રમુખ ને રાજીનામુ આપીને ભાજપને રામરામ કર્યા છે અને તેમણે કરેલા આક્ષેપ મુજબ આ પોતે પંદર વર્ષ થી ભાજપ ની ભૂખ્યા તરસ્યા રહીને પાર્ટી માટે કામ કર્યું છે પરંતુ જે બેનો ને ટિકિટ આપવામાં આવી છે તે ક્યારેય કોઈ પાર્ટીના કાર્યક્રમમાં કોઈએ જોઈ નથી અને તેમણે ટિકિટ આપી છે

**કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા**

## કરજણમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો

૨૬ એપ્રિલે મતદાન, ૨૮ એપ્રિલે પરિણામ જાહેર થવાની રાહ જોશે



(પ્રતિનિધિ) કરજણ, તા.10

કરજણ વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. સેવા સદન ખાતે કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોનો જમાવડો જોવા મળ્યો હતો, જ્યાં ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રક્રિયાનો ભાગરૂપે પોતાના ઉમેદવારી પત્ર રજૂ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તાલુકા અધ્યક્ષ પિન્ટુ પટેલ સહિત ભરત અમીન, મુબારક પટેલ, ભાસ્કર ભટ્ટ અને લતાબેન સોની ઉપસ્થિત રહ્યા હતા.

ઉમેદવારોએ કરજણ પ્રાંત અધિકારી સમક્ષ તેમજ તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીને ઉમેદવારી ફોર્મ સોંપ્યા હતા. આગામી તા. ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને મતદારોમાં રસ જોવા મળી રહ્યો છે. ચૂંટણીના પરિણામો તા. ૨૮ એપ્રિલે જાહેર થવાના છે, જેને લઈને રાજકીય વર્તુળોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

**ટીંબા ગામનું આરોગ્ય મંદિર બે વર્ષથી અધૂરું**

## ગ્રામજનો આરોગ્ય સુવિધાથી વંચિત, તાત્કાલિક કામ પૂર્ણ કરવાની માંગ

બાંધકામ કામગીરી બંધ થતાં ગર્ભવતી મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને મુશ્કેલી



(પ્રતિનિધિ) સંખેડા, તા.10

સંખેડા તાલુકાના ટીંબા ગામે આરોગ્ય સેવાઓ સુલભ બનાવવા માટે શરૂ કરાયેલ આરોગ્ય મંદિરનું બાંધકામ છેલ્લા અંદાજે બે વર્ષથી અધૂરું પડ્યું છે. છેલ્લા કેટલાક સમયથી તો કામગીરી સંપૂર્ણપણે બંધ થઈ જતાં ગ્રામજનોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ગામલોકોના જણાવ્યા મુજબ આરોગ્ય મંદિરનું કામ શરૂ થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં સમયસર પૂર્ણ ન થતાં લોકોને જરૂરી આરોગ્ય સેવાઓથી વંચિત રહેવું પડી રહ્યું છે. બાંધકામમાં ભ્રષ્ટાચાર થયાની પણ સ્થાનિક સ્તરે ચર્ચાઓ ચાલી રહી છે, જેના કારણે કામ અટકી ગયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ ગામમાં આરોગ્ય સેવાઓ માટે સબ સેન્ટર જૂની આંગણવાડીમાં ચલાવવામાં આવી રહ્યું છે, જ્યાં પૂરતી સુવિધાઓના અભાવે દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ, વૃદ્ધો અને બાળકો માટે સારવાર મેળવવી વધુ કઠિન બની છે. ગામલોકોએ સરકાર અને આરોગ્ય વિભાગને તાત્કાલિક ધ્યાન આપી આરોગ્ય મંદિરનું બાંધકામ વહેલી તકે પૂર્ણ કરવાની માંગ કરી છે.

સ્થાનિક આગેવાન મેહુલ પટેલે જણાવ્યું હતું કે બે વર્ષથી કામ અધૂરું પડ્યું હોવાથી ગામલોકોને પૂરતી આરોગ્ય સુવિધાઓ મળી રહી નથી. કામમાં વિલંબ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાની તેમજ સંબંધિત અધિકારીઓએ કડક વલણ અપનાવી કામગીરી ઝડપથી પૂર્ણ કરાવવાની જરૂર છે. ગ્રામજનો દ્વારા તાત્કાલિક પગલાં ભરવા માંગ ઉઠતા હવે તંત્ર શું કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું છે.

**ટિકિટ મોડી જાહેર થતા ઉમેદવારો છેલ્લા સમયે દોડાદોડી કરી**

## નસવાડી તાલુકા પંચાયત ની 22 બેઠકો માટે 39 ઉમેદવારોએ ફોર્મ ભર્યા

બાંધકામ કામગીરી બંધ થતાં ગર્ભવતી મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને મુશ્કેલી



(પ્રતિનિધિ) નસવાડી, તા.10

જ્યારે નસવાડી તાલુકાની છોટાઉદેપુર જિલ્લા પંચાયત ની 5 બેઠકો માટે 20 ઉમેદવારો એ ફોર્મ ભર્યા હાલ તો આમઆદમી પાર્ટી અને કોંગ્રેસ એ ફોર્મ ભર્યા છે જ્યારે ભાજપે હજુ સુધી ફોર્મ ભર્યા નથી એક સાથે ભાજપ ના ઉમેદવારો છેલ્લા દિવસે ફોર્મ ભરશે નસવાડી તાલુકાની છોટાઉદેપુર જિલ્લા પંચાયત ની પાંચ બેઠકો આવેલી છે જેમાં ઉમેદવારો ના નામ ભાજપે મોડી રાત્રે જાહેર કરતા હજુ સુધી ભાજપ માંથી એક પણ ફોર્મ ભરાયું નથી જ્યારે નસવાડી તાલુકા પંચાયત ની 22 બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરવાના પાંચમાં દિવસે ફોર્મ ભરવા માટે મોટો ઘસાડો જોવા મળ્યો હતો અને ઢોલ નગારા સાથે આદિવાસી સમાજ ના લોકો ફોર્મ ભરવા માટે આવ્યા હતા સાથે નસવાડી તાલુકા પંચાયત માં ઢોલ નગારા વાગતા ચૂંટણી નો માહોલ જોવા મળ્યો હતો નસવાડી તાલુકા પંચાયત ની 22 બેઠકો માટે 39 ઉમેદવારો એ ફોર્મ ભર્યા છે જ્યારે જિલ્લા પંચાયત ની નસવાડી તાલુકા ની પાંચ બેઠકો માટે 20 ફોર્મ ભર્યા છે જ્યારે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ શનિવાર છે અને મોટી સંખ્યા માં ઉમેદવારો છેલ્લા દિવસે ફોર્મ ભરવા માટે આવે તેવી શક્યતા છે હાલ તો ભાજપ ના ઉમેદવારો ફોર્મ ભરવાની તૈયારીઓ કરી રહ્યા છે ટિકિટ મોડી જાહેર થતા ઉમેદવારો છેલ્લા સમયે દોડાદોડી કરી રહ્યા છે.

**સાવલી તાલુકામાં વેસ્ટન ડીસ્ટર્બન્સની અસર વર્તાઇ**

## કમોસમી માવઠાથી તમાકુનો પાક પલળી જતા ખેડુતોને ભારે નુકસાન



(પ્રતિનિધિ) સાવલી, તા.9

સાવલી તાલુકામાં વેસ્ટન ડીસ્ટર્બના પગલે ભારે પવન સાથે કમોસમી વરસાદી ઝાપટું પડતા ખેડૂતોને ભારે નુકસાન થવા પામ્યુ છે અને ખેડૂતો સરકાર પાસે વળતરની માંગ કરી રહ્યા છે

મોંઘા ખાતર અને બિયારણ તેમજ ખાતરની અછત અને સતત મોસમી વરસાદની વચ્ચે તાલુકાના ખેડૂતોએ તૈયાર કરેલ વિવિધ પાકોને ફરી એકવાર કુદરતના કોપનો સામનો કરવા નો વારો આવ્યો છે અને તાલુકાના ખેડૂતો ગતરોજ પડેલ કમૌસમી માવઠા ના પગલે ભારે દયનીય સ્થિતિમાં આવી ગયા છે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પરિબળોનો સામનો કરીને તૈયાર થયેલા પાકથી વર્ષ ભેગા થવાની ગણતરી મારતા ખેડૂતોની ગણતરી કુદરતે ઊંધી પાડી છે અને ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેચવાનો વારો આવ્યો છેગતરોજ સાંજના સમયે ભારે પવન ફૂંકાયો હતો અને ત્યારબાદ કમોસમી વરસાદ વરસ્યો હતો જેના પગલે સાવલી વિસ્તાર મા કમોસમી માવઠું વરસતા ખેડૂતોને ભારે અસર થઈ હતી અને ડુંગરી પુરા ગામ ના ખેડૂતો ના તમાકુના તૈયાર પાકને ભારે નુકશાન થવા પામ્યું છે કમોસમી વરસાદના પગલે કેરી રાયડો તમાકુ દિવેલા અને શાકભાજીના પાકોને ભારે પવન અને કમોસમી માવઠાથી ભારે નુકશાન થયું છે ખાસ કરીને ખેડૂતો નો કાપેલા તમાકુ નો પાક પર વરસાદથી પલડી જતા ખેડૂતો ભારે ચિંતિત બન્યા છે.

**શિનોર પોલીસના સપાટાના કારણે બે નંબરીયાઓમાં ફફડાટ વ્યાપ્યો**

## શિનોર પોલીસે સુરાશામળ ગામની સીમમાંથી જુગાર રમતા પાંચને ઝડપ્યા



(પ્રતિનિધિ) શિનોર, તા.10

શિનોર પોલીસે બાતમી ના આધારે સુરાશામળ ગામની સીમમાં ખેતરમાં પાનાં પત્તા નો જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી પાડી અને કુલ રૂપિયા 11,900/- નો મુદ્દા માલ જપ્ત કરી, જુગાર ધારાની કલમ હેઠળ કાર્યવાહી કરતા છૂટો છવાયો જુગાર રમનારામા ફફડાટ વ્યાપેલ છે. સુરાશામળ ગામે કાછોટ વગા ની સીમમાં અબ્દુલ એહમદભાઈ રાઠોડ ના ખેતર પાસે આંબા ના ઝાડ નીચે ખુલ્લી જગ્યા કુડાળું વળી જુગાર રમતા હોવાની શિનોર પોલીસ ને ગઈ કાલે તારીખ 9 એપ્રિલ સાંજના 5:00 વાગ્યાના અરસામાં બાતમી મળી હતી. પીઆઇ આર. આર. વસાવા ની સૂચના અને માર્ગદર્શન થી આ. પો. કો. નરેશભાઈ, ગીરીશભાઈ, સુભાષભાઈ, અને પરાગભાઈ પોલીસ સટાફ સાથે છાપો મારી ખુલ્લી જગ્યામાં પત્તા પાનાનો જુગાર રમતા ઈસમો ને કોર્ડન કરીને સ્થળ પરથી પાંચ ઈસમો ને ઝડપી પાડેલા છે. જેમાં સુલતાન સાહેબખા રાઠોડ ( સુરાશામળ), રાકેશ ભગવાનભાઈ માછી રહે રાણાપુર તા. કરજણ, ઐયુબખા સિકંદરખા નકુમ રહે સુરાશામળ, રફીકખા સિકંદરખા રાઠોડ રહે સુરાશામાળ, શાહરુખ ઉર્ફે ગોટીયો ફિરોજસા દીવાન રહે સુરાશામળ તમામ ને ઝડપી પાડ્યા હતા. તેઓની અંગ ઝડપી માંથી રૂપિયા 11,400/- અને દાવ ઉપરના રૂપિયા 500 મળીને કુલ 11,900/-નો મુદ્દા માલ કબજે કરી અટકાયત કરેલ છે. શિનોર પોલીસના સપાટાના કારણે બે નંબરીયાઓ માં ફફડાટ વ્યાપેલ છે.

**અસલ દસ્તાવેજ ગુમ થયા સબંધે જાહેર નોટીસ**

ગુજરાત રાજય ના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકા ના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ મોટામવા ના રેવન્યુ સર્વે નં. ૧૫૨ પૈકીની ટી.પી. સ્કીમ નં. ૨૪(ડ્રાફ્ટ) ના એફ.પી. નં. ૨૩ પૈકી સીંગલ યુનીટ નં. ૧ ની જમીન ચો.મી.આ. ૪૯૮૫-૧૮ ઉપર આવેલ "FORTUNE CELESTIA" ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ બિલ્ડીંગો પૈકી "FORTUNE CELESTIA-B" માં નવમાં માળ ઉપર આવેલ ફ્લેટ નં. ૯૦૧ કે જેના બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૯૪-૩૦ (રેરા મુજબ કારપેટ એરીયા ચો.મી.આ. ૧૫૮-૫૫) છે તથા કવર્ડ બાલ્કની એરીયા ચો.મી.આ. ૨૦-૧૯ છે. સદરહું ફ્લેટ (૧) શ્રી વ્રજરાજ ધુમીલકુમાર ગોસ્વામી તથા (૨) શ્રી રમેશ મનજીભાઈ રાખોલીયા બંન્ને પુખ્ત, ધર્મે હિન્દુ, રહે. ગોવર્ધનાથજી હવેલી, આંબાલાલ પાર્ક ચાર રસ્તા, કારેલીબાગ, વડોદરા ની માલીકીનો આવેલ છે જે તેમણે ૧ નંબરની બુકના નં. ૬૭૪ તા. ૦૯-૦૨-૨૦૨૧ થી સર્વોહમ ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી ધવલ અમૃતલાલ કાલાવડીયા પાસેથી ખરીદ કરેલ છે. આ મિલ્કત સબંધે ઉપરોકત અસલ દસ્તાવેજ મિલ્કત માલીકો (૧) શ્રી વ્રજરાજ ધુમીલકુમાર ગોસ્વામી તથા (૨) શ્રી રમેશ મનજીભાઈ રાખોલીયા થી ખોવાઈ ગયેલ છે, આડા હાથે મુકાઈ ગયેલ છે અને ઘણું શોધવા છતાં મળી આવતો નથી તેવી રજુ આત કરેલ છે. જેથી ઉપરોકત દર્શાવેલ મિલ્કત કે મિલ્કત પરત્વે ટાઈટલ ડીડસ પરત્વે કે કબ્જા ભોગવટા પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર, હક્ક, હીત, દાવો, લેણું, કરજ, બોજો, વારસાઈ હક્ક, હોય કે કોઈપણ જાતનો વાંધો તકરાર કે જામીનગીરી હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૭ (સાત) માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી મુદત પુરી થયેથી આ મિલ્કત માં કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર, હક્ક, હીત, દાવો, લેણું, કરજ, બોજો, વારસાઈ હક્ક, વિગરે નથી તેમ માની લેઈ ત્યારબાદ કોઈ નો વાંધો તકરાર, હક્ક, હીત, દાવો, બંધનકર્તા રહેશે નહીં જેની સર્વે એ નોંધ લેવી.

સ્થળ : વડોદરા.
તા. 03/04/2026

અસીલની સૂચના અને ફરમાઈશથી

**અંકિત હસમુખભાઈ શાહ**
Ph. D., MBA (IT, Mktg.),
LL. B. (Gold Medalist) એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ

**હિનલ અંકિતભાઈ શાહ**
B. Com, LL. B. (Gold Medalist)
એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ
7, જવાહર સોસાયટી, આર. વી. દેસાઈ રોડ,
કૃષ્ણ કમ્પાઉન્ડની સામે, વડોદરા - 390001. મો. 9427369729